મુમતાજ બેગમ અને બાવલા ખુન કેસ



છપાવી પ્રસિદ્ધ કર્તા,

"નવચેતન" પુસ્તકાલય.

મરાતપુરી ભાગળ, સુરત.

કિંમત એક આનો.

મુંબાઇની મેજીસ્ટ્રેટ કોર્ટમાં નીકળેલો મુકદમો.

બાવલા ખૂન કેસ.

પ્રોસીક્યુશનની હકીકત એવી છે કે ગઇ તા ૧૨ મી જાન્યુઆરીએ રાતના ૭॥ ના સુમારે મુબઇના લક્ષાધીપતી મેમન મી અબદુલકાદર બાવલા મુમતાજ બેગમ અને તેમના પોતાના સેક્રેટરી સાથે મોટરમા બેસી મલબાર હીલ તરફ ફરવા જતા હતા તેવામા અચાનક એક મોટરકાર આવીને આથડી એ મોટરકારમાથી પાચ માણસો કુદી પડયા અને બાવના ઉપર ગોળીબહાર કર્યો હતો એથી બાવના મરણ પામ્યા હતા અને મુમતાજને પણ ઇજા થઇ હતી મુબઇના બાહોશ પોલીસે લાબી મુદત તપાસ કર્યા પછી દશ આરોપીઓની ધરપકડ કરી હતી ૧ સફીઅહમદ આનઅહમદ કસુમ, ૨ એસ આર ડંગે, ૩ પી બી ગાડે, ૪ અબદુલ લતીફ, ૫ મુમતાઝ મહમદ, ૬ કુરામતખાન નીઝામતખાન, ૭ શમશેરજાદ નદીમ શાહ, ૮ બહાદુરશાહ મહમદશાહ, ૯ મહમદશફી, ૧૦ અકબરઅલી ઉપર મુજબના આરોપીઓને પકડી સરકાર તરફથી મુકદમો ચલાવવા પબ્લીક પ્રોસીક્યુટરની ફરમાસથી મી કનેથ કેમ્પબેલ ટર હાજર હતા ઉપલા દશ આરોપીઓમા બે મુસલમાન અને (૮) હોરના છે

મુમતાજ વારાંગના.

મુમતાજે ઇંદોર રાજ્યમા પહેલવહેલી પોતાની જીંદગી નાયકી તરીકે શરૂ કરી હતી અને એના ઉપર ઇંદોરના મહારાજા પ્રસન્ન થયા હતા તેથી તેણે ઇંદોરમા માનીતુ સ્થાન મેળવ્યુ હતુ ત્યારે

પછી ઘણા વર્ષે મુબઇના લક્ષાધીપતી ગ્રહસ્થ મી બાવલા તેના ઉપર મોહ પામ્યા અને મુમતાજને મુબઇમા લેઇ આવ્યા

બાવલાના ખુનની હકીકત

તા ૧૬ મી ડીસેમ્બરે મરહુમ બાવલા મુમતાજ સાથે લોનાવલા ગયા હતા તે પહેલાં તારીખ ૧૨ મી ડીસમ્બરે તહોમતદર ફ્રણસેએ ાતી મેકસ્વેલકાર ઇદોર ખાતે મોકલી આપી હતી એજ મોટરકાર તા ૧૦ મી જાન્યુઆરીએ કેટલાક માણસો સાથે પુના પહોચી હતી જે વેળાએ મુમતાજ અને મીસ્ટર બાવલા લોનાવલામા હતા જે વખતે મી ફ્રણસે મુબઇમાજ હતા અને આ રાતીકારને બહાદુરશાહ હાકતો હતો એજ રાતીકાર તા ૧૧ મી જાન્યુઆરીએ લોનાવલા મુકામે જઇ પ્હોચી હતી પણ બીજે દીવસે મ્યુનીસીપા લીટીના પ્રેસુખની ચુટણી માટે મી બાવલા આવવાના હતા તેજ કાર ત્યાથી બીજે દીવસે મુબઈ ખાતે આવી પહોચી હતી અને તા ૧૨ ની સાજે તેમા બેઠેલા માણસોએ મલબાર હીલ આગળ મી બાવલા ઉપર હુમલો કર્યો ત્યાર પછી કાર નાસી ગઇ હતી તેનો હજુ પત્તો લાગ્યો ન હતો અને તા ૧૩ જાન્યુઆરીએ આ બીનાનો તાર ઇદોર ખાતે મુકવામા આવ્યો હતો ને એક આરોપીને પકડવામા આવ્યો હતો

કાવતરાનો ભેદ.

ઉપલા દસ આરોપીઓએ ૧૯૨૪ ના અક્ટોબર અને ૧૯૨૫ ના જાન્યુઆરી વચમા મુમતાજ બેગમને બ્રીટીશની હદમાથી નસાડવા માટે આ કાવત્રુ રચ્યુ હતુ અને મુમતાજને ઉપાડી લેઇ જવાને માટે

પાસે બેઠેલા મી. બાવલાનુ પીસ્તોલથી ખુન કર્યું હતુ ને મુમતાજને પણ છરીના ઘાથી સખત ઇજા કરી હતી

કોર્ટમાં મુમતાજ

સાડાબાર વાગે મુમતાજ બેગમને કોર્ટમા લાવવામા આવી હતી અને પોતાના મોઢા ઉપર તેણે બુરખો નાખ્યો હતો તે પીંજરામા જઇને તેણે કાઢી નાખયો હતો

મુમતાજની કહાણી

મુમતાજે-મી૦ કેપની જુબાનીમા જણાવ્યુ કે મને એક ગાનારી તરીકે ઉછેરવામા આવી હતી અને મારી ચૌદ વર્ષની ઉમરે હું ઇદોર દરબારમા ગાનારી તરીકે પ્રસિદ્ધમા આવી અને ત્યાથી શરૂઆતમા હુ હૈદરાબાદ ગઇ હતી અને મહારાજા એ મારી પાસેથી મારૂ સર્વસ્વ લઇ લીધુ અને મને અમૃતસર મોકલી અને પછી પાછી મને ઇદોર બોલાવી ત્યા હુ મહારાજાની રખાત તરીકે લગભગ નવ વર્ષ સુધી રહી હતી અને તેજ વખતે મહારાજાએ મારૂ નામ મદની કમળાબાઇ તરીકે રાખ્યુ ત્યારબાદ હમો વીલાયત ગયા હતા પછી મને એક જીવતી પુત્રીનો જન્મ થયો હતો ને પાછળથી તે પુત્રી મરી ગઇ. આ બનાવ પછી હુ મહારાજા સાથે ભાનપુર મુકામે શીકાર કરવા ગઇ હતી તે વખતે મારી સાવકી માતા તેમજ મારા બાપ પણ તહીંજ હતા પરતુ મને ત્યા પણ સખત ચોકીમા રાખવામા આવી હતી જેથી મારો મેળાપ મારા બાપની સાથે થતો નહિ તેથી આવા કેદી જીવનથી હુ કટાળી ગઇ અને મુબાઇના કમીશનર ઉપર મે કાગળ લખયો તેમજ બીજો કાગળ દીલ્હી પણ લખ્યો હતો ને

મે પોલીસનું રક્ષણ માગ્યું હતું તે વખતે મહારાજા તરફથી મસુરી જવાને માટે મારા ઉપર હુકમ નીકળો આ વખતે સુળે નામનો એક માણસ મારી સાથે હતો તેમજ મારામા બાપ પણ મારી સાથેજ હતા અને હું દિલ્હી ગઇ ત્યારે મારી અરજ પ્રમાણે પોલીસના માણસો હાજર હતા તેથી મે સુળેને ચોકખું કહી દીધું કે હવે હું મસુર આવનાર નથી કારણકે મહારાજાથી હું કંટાળી ગઇ છું એટલે પોલીસે [illegible] મને તેમના કબજે લીધી

મહારાજાની ધમકીઓ

[illegible] હું અમૃતસર ગઇ ત્યાં ઇંદોરથી ઘણા માણસો મને વારંવાર મળવાને માટે આવતા હતા તેમજ મહારાજાએ [illegible] ઉધા નામના [illegible] માણસને મોકલ્યો હતો ને મને કહેવરાવ્યું હતું કે તું [illegible] નહીં આવે તો તારા ઉપર ફરી બળજોરી કરવી પડશે, [illegible] હું અમૃતસરથી [illegible] [illegible] [illegible] [illegible] તે પહેલા મે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] હતા

મુંબાઇમા આવી

નાગપુરમાં [illegible] અને [illegible] એ [illegible] મને મળવા આવ્યા હતા અને નાગપુરથી મુંબાઇ આવીને સરકાર પાસે મારો ઇરાદો [illegible] માગવાનો હતો કારણકે ઇંદોર મહારાજાના માણસો મારી પછી [illegible] હતા અને હું મદનપુરામા રહેતી હતી ત્યાથી [illegible] [illegible] ગઇ

બાવલાની પીછાન

રંગારાની ચાલમા અલાબક્ષ નામનો એક માણસ મી બાવલાને મારે વેર લાવ્યો ત્યાર પછી હુ મી બાવલાને ત્યા પહેલી મુલાકાત પછીથી તારદેવ બાવલાના મકાનમા રહેવા ગઇ તેમજ બાવલા શેઠ સાથે અજમેર દીલ્હી આગ્રા સીમલા વગેરે સ્થળોએ મે મુલાકાત લીધી હતી તેમજ તારદેવમા એક ભૈયો મારા મકાનમા રહેતો હતો તેણે હમો સીમલાથી આવ્યા ત્યારે એક ચીઠ્ઠી મને આપી જે ઇંદોરથી આવી હતી તે વાત મે બાવલાને જણાવી જેથી તે ભઇયાને બાવલાએ મારી કાઢી મુક્યો ને ત્યાર પછી હુ બાવલા સાથે ચોપાટીના બગલામાં રહેવા ગઇ તેમજ તરદેન હુ હેતી હતી ત્યારે નતનજાન નામની બાઇ પણ મને ત્રણ વખત મળવા આવી હતી તે શા કારણથી આવી હતી તે હુ સમજી શકી નહો મી બાવલા ઉપર પણ એક બે કાગળ અગ્રેજીમા આવ્યા હતા જેથી બાવલાએ મને બહાર નીકળવાને ચોક્ખી ના પાડી હતી

લોનાવલાની મુસાફરીએ

મી બાવલા સાથે હુ લોનાવલા ગઇ હતી ને ત્યા વીસપચીસ દીવસ રહ્યા હતા અને મલબાર હીલ આગળ કેસ બનતા અગાઉ પાચેક દીવસ પહેલા હમો મુબઇ આવ્યા હતા તેમજ લોનાવલામા પણ હુ બાવલા શેઠના બગલામાજ રહેતી હતી બાવલાશેઠ મોટરમા લોનાવલા ગયા હતા જ્યારે હુ તેમજ બીજા ટ્રેનમા ગયા હતા બાવલાશેઠની મોટર હાકનારનુ નામ મહમદ શફી હતુ તેમજ તેની સાથે અહમદ નામનો ક્લીનર પણ હતો હમો લોનાવલા રહેતા હતા ત્યારે

બાવલાશેઠ રેસના દીવસે મુબઇ આવના હતા તેમજ અત્રે સાક્ષીને એક કાગળ બનાવવામા આવ્યો હતો જે તેને ઓળખતાં જણાવ્યુ હતુ કે એ કાગળ તેના ભાઈ નીસાર મહમદના હાથથી લખાયલો હતો તે કાગળ મી બાવલાએ મને લોનાવલા ખાતે બતાવ્યો હતો અને હમો લોનાવલાથી મુબાઇ ટ્રેનમારફત પાછા ફર્યા હતા ત્યાર પછી મોટર મુબાઇ ખાતે આવી હતી મહમદશરી ડ્રાઇવર પુને કેમ ગયો હતો તેની મને ખબર નથી, તેમજ મુબાઇ ગયા તે દીવસ રેસ હોવાથી બાવલા શેઠ રેસમા ગયા હતા બીજે દિવસે સાજના ખાણુ ખાતી વેળાએ બાવલા શેઠને કોઇ બોલાવા આવ્યુ જેથી તે નીચે ગયા હતા

ભયકર ચેતવણી.

ખુનના દીવસે બચુભાઇએ આવીને ચેતવણી આપી કે મહમદ અલી નામનો એક માણસ બાવલાશેઠનુ ખુન કરના આવ્યો છે અને તે એવા ઇરાદે કે બાવલા શેઠને મારી નાખી તને નસાડી લેઇ જવી.

ખુનના દીવસની ભયકર સાંજ.

બીજે દીવસ સાજે મોટરમા બેસી મી બાવલા સાથે ફરના ગઇ હતી. અને અમારી મોટર મહમદશરી હાકતો હતો અને અમો પહેલા એપોલોબદર ગયા અને ત્યાથી અનુક્રમે કોલાબા-મહાલક્ષ્મી તોપખાના અને છેવટે ત્યાથી ચોપાટી તરફ પાછા ફર્યા, ત્યારે બાવલાના મીત્ર મેથ્યુસ મળ્યા તેમને મોટરમા બેસાડી મલબાર હીલ તરફ હાકી હેંગીગગાર્ડન આગળ પહોચ્યા એટલામા મોટરના ભાભાનો

અવાજ સંભળાયો, જેથી હમારા ડ્રાઇવરે મોટર ધીમી કરી એટલામાં પેલી મોટર આવી હમારી મોટરના આગલા ભાગમાં અથડાઇ અને તેથી અચાનક હમારી ગાડીની બતીઓ હોલવાઇ ગઇ અને પેલી મોટરમાંથી સાત આઠ માણસો બહાર કુદી પડયા અને હમારી મોટરમાં ચઢી ગયા અને હું બાવલાની ડાબી બાજુએ બેઠી હતી ત્યાં એક માણસે પુછ્યું તું હમારી બાઇને કયાં લઇ જાય છે એમ કહી તરતજ પીસ્તોલના બાર કર્યા અને મને મોટરમાંથી બહાર ઘસડી કાઢી અને મારા ઉપર ચપ્પુના ઘા કર્યા તે વખતે હું ગભરાઇ ગઇ અને બુમો પાડવા લાગી એટલામાં એક સારજંટ આવી પહોંચ્યો તેણે મને ચપ્પુ મારનારને પકડયો અને મને બાવલાની મોટરમાં તેની સાથે બેસાડી અને આ જગ્યાએ મુમતાજે સ્પષ્ટ જણાવી દીધું કે ચપ્પુ મારનાર તે મોટર ડ્રાઇવર મહમદસફી હતો અને તેના સાગરીતોએ ખાખી કપડાં પહેર્યાં હતાં

મુમતાજની બચાવ માટેની અરજ.

આ વખતે મુમતાજે મેજીસ્ટ્રેટ આગળ જણાવી દીધું કે ઇંદોરના મહારાજાએ મને તથા મારા કુટુંબને કેટલાંક વર્ષથી કેદી જેવી સ્થિતિમાં રાખી મુકયા હતા તેમજ મારા અહીંયાં આવ્યા પછી મને ઘણી ધમકીઓ પકડી લઇ જવાને માટે આપી હતી અને મારા મુંબઇ આવ્યા પછી બાવલાના ખુનનો કેસ બન્યો હતો તેમજ કોર્ટ સમક્ષના કોઇ પણ આરોપી પર મારો દ્વેષ નથી પરંતુ હું દીલગીર છું કે મારા લાગતા વળગતા પક્ષના માણસો આજે અહીં બધા હાજર નથી જે પક્ષો આજે કોર્ટની સમક્ષ હાજર નથી તેમનો સમાવેશ કરનારી અને આ બાબત સાથે સંબંધ ધરાવનારી બાબતો

રજુ કરનારી જુદી અરજી કરવાની મને સલાહ મળે તો મારા ધારાના હીમાયતી મારફત ન્યાયની ખાતર નોધાવવાની મને રજા આપશો તેમજ મને હવે મારા જીવ વીષે ગણોજ ભય છે તેથી જો આપના તરફથી પગલા ભરવામા નહી આવે તો મારો તેમજ મારા કુટુંબનો જાન જોખમમા છે, તેથી માગ રક્ષણ માટે તમો નામદારને અરજ કરૂ છુ

તા. ૨૭ મી ની જુબાની.

તા ૨૭ મીને શુક્રવારે મુમતાજનો નામો અદનામક્ષ ટેકસી ડ્રાઇવર તથા માસી નતનજાન અને ઇંદોરની મુબાઇની મીલકતના કારભારી મુલગવકરની જુબાનીઓ લેવાઈ હતી અદનામક્ષ અને નતનજાનની જુબાનીઓમા જણાવ્યુ હતુ કે તેઓ પોતાની ટોળી સાથે હયુજીસરોડ ઉપર આવેલા આરોરા હાઉસ ઉપર રહેતા હતા અને મુમતાજને ઉઠાની લઇ જવા માટે નવીન યુક્તિઓના પ્રયાસ ચાલુ હતા અદલામક્ષ અને નતનજાન બનેને આ ટોળીએ બોલાવ્યા હતા તે બાતમી બાવલાને અદલાબક્ષે છુપી રીતે આપી હતી ને ચેતતા રહેવા માટે કહ્યુ હતુ અદનાબક્ષે કહ્યુ કે રાની મેકસ વેલકાર તણે વણો વખત જોઇ હતી અને પોતાના ભાઇએ તેનો નબર પણ નોંધી લીધો હતો ઇંદોરની ટોળીએ તેના ભાઇને રૂપીઆ આપી ફોડયો હતો તેમજ થને પણ લાલચો આપી હતી પણ મુમતાજ માગી સગી હોવાથી તે કાળા કૃત્યમા ભળવાની મે ચોકખી ના પાડી હતી નતનજાને જુબાનીમા જણાવ્યુ હતુ કે બાવલા બચુબાઇને કાકી કહેતા હતા તેણે પણ ઓરેરા હાઉસ સોમરસેટ પેલેસની મુલાકાત લીધી હતી મુલગાઉકરે રતી મેકસવેલ કાર કયારે ખરીદાઇ અને તે ઇંદોર કયારે

મોકલવામા આવી તેનો ખુલાસો કર્યો હતો એવુ ડ્રાઇવર પ્રધાનનુ કહેવુ હતુ કે બહાદુરશાહ નામનો મોટો ડ્રાયવર એ કારને હાંકી જતો હતો એવુ ડ્રાયવર પ્રધાનનુ કેહવુ હતુ પ્રધાને તે કાર મલબાર હીલ આગળ જોઇ હતી શનીવારે લેફટેન્ટ બકલ અને સ્ટીફન નામના બે અગ્રેજોએ જુબાનીમા જણાવ્યુ હતુ કે મલબાર હીલ આગળ બાવલાના ખુનનો કેસ જોયો હતો અને બદમાસના હાથથી મુમતાજને બચાવી હતી મોટર ડ્રાઇવર પ્રધાને જુબાની આપતા કહયુ હતુ કે ખુનના દીવસે પોતે એક મુસલમાન સરદારને મોટરમા બેસાડી મલબાર હીલ આગળ લઇ ગયો હતો અને તેઓ થોભ્યા હતા તે દરમ્યન રાતી મેકસ્વેલ કાર જતા તેણે જોઇ હતી અને બીજે દિવસે તેણે સાભળ્યુ કે બાવલાનુ ખુન થયુ આ કેસનો વધુ પુરાવો આપતા મી પ્રધાને જણાવ્યુ કે પોતે એક માળીને લેઇ ઇદેરમા ગયો હતો અને તેણે કોઇ સમજે નહી એવી રીતે તાર કર્યો હતો આ વખતે ૨-૩૦ થવાથી કોર્ટ લચ માટે ઉઠી હતી

લચ પછીની બેઠક.

લચ પછી ૩-૩૦ વગે કોર્ટ મળતા મી વેલીનબરની ઉલટ તપાસથી મી પ્રધાને જણાવ્યુ હતુ કે રાતી મેકસ્વેલ કાર મે જોઇ હતી જેમા ત્રણ આગળ અને ત્રણ પાછળ માણસો બેઠેલા હતા તે એજ કાર હતી તે હુ ચોકસ કહી શકતો નથી પરતુ બીજે દીવસે ખુનની વાત છાપામા બહાર પડવાથી મને તે મોટરકાર યાદ આવી વળી 'બદમાસો' રાતી મેકસ્વેલ કારમા બેસી ખૂન કરવા માટે ગયા હતા એ બાબત પણ મારા જાણવામા આવી.

ધોંડુ માળીની જુબાની.

ત્યાર પછી ધોંડુ માળીએ મી કેપની તપાસમા જાહેર કર્યુ કે હુ રોમરસેટ હાઉસમા માળીનુ કામ કરૂ છુ આ ખુનનો કેસ બન્યો તે પહેલો હુ ઓરેરા હાઉસમા હતો તે વખતે ત્રીજો આરોપી બહાદુરશા બે આરોપી લેઇને મારી પાસે આવ્યો તે બે માણસોમા એક હીં, અને બીજો મુસલમાન હતો તે બગલામા ગયાને બારી બારણા બધ કરી દીધા તેજ સાજે ઇદોરથી રાતી મોટરકાર આવી હતી ને તેમા છ માણસો બેઠેલા હતા અને બીજે દીવસે પણ ઓરેરા હાઉસના બારી બારણા બધજ હતા તેમજ ઇદોરથી આવેલા માણસો પણ ત્યાજ હતા તે સાજે પ-૩૦ મોટરને ગેરેજમાથી બહાર કાઢવામા આવી ને પેલા માણસો અદર બેસી ગયા ત્યાર પછી બહાદુરસાહે મને સમજુતી આપી કે આ મોટર ભોપાળથી આવી છે

માળીને અપાયલી ધમકીઓ.

બહાદુરશાહે કહ્યુ કે આ વાત તુ ફોડીશ તો તને મારી નાખવામા આવશે પછી સાક્ષીએ જણાવ્યુ કે મને ત્યાર બદ મુલગાવકરે ઇદોર મોકલ્યો હતો ત્યા હુ ૧૧॥ વાગે પહોચ્યો, લેધ મારી સાથેજ હતો મોટરમા બેસાડી મને તોપખાને લઇ જવામા આવ્યો, ત્યા મને ચેતવણી આપી કે ઇદોરમા ધરપકડ ચાલે છે તે કાઇને કહેવુ નહી બીજે દીવસે હુ મુબાઇ જઇ મુલગાવકરને મળ્યો તેણે મને ખુન સબધી બાતમી કોઇને ન આપવા ચેતવણી આપી પછી છુપી પોલીસ મને પકડી ઇદોર લઇ ગઇ

१२२८६

બાવલાનો ડ્રાયવર ફરી ગયો

ત્યારબાદ તા. ૩૧ મી એ બાવલાના સોફરની જુબાની લેવામા આવી તેમા સોફરમહમદ શરીએ જણાવ્યુ કે પોલીસ તરફથી જે સ્ટેટમેન્ટ રજુ થાય છે તે તદન જુઠુ છે ને હુ જે કહુ છુ તેજ વાત ખરી છે આ બાજી પલટાયલી જોઈને મેજીસ્ટ્રેટ મો. કેપને સોફરની ઉલટ તપાસ કરવા રજા આપી

સ. તમે પોલીસ કમીશનરની હાજરીમા મી. જેકીસને કહ્યુ હતુ કે બહાદુરે તમને એવી વાત કરી હતી કે જો તુ મુમતાજને નસાડવા માટે અમને મદદ કરસે તો મહારાજા તરફથી રૂા. ૫૦૦૦ ઇનામ મળશે

જ—મે આવુ કઇ પણ કહ્યુ જ નથી

સ—બહાદુર તને ખૂનના દીવસે સાજે મળ્યો હતો અને તને મોટર થોભાવાનુ કહ્યુ હતુ આ પ્રમાણે કહેવાનુ તે કબુ'યુ હતુ એવુ સ્ટેટમેન્ટ મી. જેકસન આગળ નોંધાવ્યુ હતુ

જ—બીલકુલ નહીં

સ—પોલીસ તરફથી સ્ટેટમેન્ટ જે તને પાછળથી બતાવવામા આવ્યા હતા તે તે કરેલા કે નહી

જ—નહી સાહેબ પોલીસે મને જબરજસ્તીથી સ્ટેસ્ટમેટ કરવાની ફરજ પાડી હતી સાક્ષીએ પોલીસ આગળ કરેલા બધા સ્ટેસ્ટમેન્ટો કરવાનો ઇન્કાર કર્યો હતો અને મી. કેપની તપાસ બધ કરી હતી આ વખતે મી. વેલીનકરે પોલીસ સમક્ષ કરેલા સ્ટેટમેન્ટોની નકલો આપવાની ના કહી હતી આવી રીતે બાજી પલટાઇ જવાથી મેજીસ્ટ્રેટે મહમદ શરીને જેલમા રાખવા હુકમ કર્યો હતો

ત્યારબાદ મી કેપે એમ્પાયર હોટેલના મેનેજરની જુબાની લીધી હતી મેનેજર ગોપાલ સ્વામીએ જણાવ્યુ કે ગયા સપટેમ્બરમા મારી હોટલમા બે પરોણા આવ્યા હતા હમારી હોટલમા રીવાજ છે કે પરોણાએ પોતાના હાથે સર્વે વીગત રજીસ્ટરમા ભરવી પડે છે તેથી મારૂ રજીસ્ટર તપાસમા માલુમ પડે છે કે ફ્રન્સે અને પોડે હમારી હોટેલમા આવ્યા હતા ત્યારબાદ ગોવીદ નામના લગેજ કલાર્કે જુબાનીમા જણાવ્યુ કે બે ત્રણ મહીના ઉપર એક મોટારકાર ઈદોર મોકલી હતી તેની રસીદ ઉપર આનદરાવ ફણસેનુ નામ હતુ વળી પોલીસના મોટરખાતાના કેશીયર રામરાવ વીજયકર નામના સાક્ષીએ જુબાનીમા જણાવ્યુ કે રાતા રગની ઝેડ નબર ૯૨૫૭ની મોટરકાર આનદરાવના નામપર રજીસ્ટર કરવાની રજા આપવામા આવી હતી ત્યારબાદ આવી હતી ત્યારબાદ ક્રોસીંગ કલાર્કની પણ જુબાની લેવાઇ હતી

ક્લીનર અહમદની જુબાની

બાવલાના મોટાર ક્લીનર અહમદે બે આરોપીઓને ઓળખાવતા જણાવ્યુ કે મહમદ શફી અને બહાદુરશાહ એ બને દોસ્તો હતા બહાદુરશા મહમદ શફીને ઘણીવાર મળતો બહાદુરશાહે મને કહ્યુ હતુ કે ભોપાળનો વતની છે અને મુબાઇમા નોકરી માટે આવ્યો હતો અને એક વખતે સવારના સાડાસાતના સુમારે મે તેને ગાડી મેકસ્વેલકર ચલાવતા જોયો હતો અને મને કહ્યુ હતુ કે તે એક પારસી શેઠને ત્યા ડ્રાયવર તરીકે કામ કરતો હતો સાક્ષીએ જણાવ્યુ કે હુ બાવલા શેઠ સાથે લોનાવલા ગયો હતો ત્યા પણ મે

બહાદુરશાહને બે ત્રણ વાર જોયો હતો તેજ રાતે પુના જવાનો છે તેમ પણ તેણે મને જણાવેલુ અને લોનાવલાની એક હોટલમા પણ બહાદુરશાહ અને મહમદ શફીની મુલાકાત પણ થઇ હતી ને થોડા દિવસ લોનાવલામા હતા તે વખતે પણ બહાદુરશાહ મહમદ શફીને મળવા આવેલો ને તે બને જણાએ ઘણો વખત છાની છાની વાતો કરી હતી તેમજ ૧૨ મી જાનેવારીએ મારા શેઠ મુમતાજને લઇ ફરવા ગયા હતા ત્યા ચોપાટી ઉપર મિ૦ મેથ્યુસ મળવાથી મોટર થોભાવી અને મેથ્યુસને મોટરમા બેસાડી હમે હેંગીંગ ગાર્ડ આગળ થઇ પસાર થતા હતા એટલમા પાછળથી મોટર આવીને અથડી પડી અને તેમાથી કેટલાક માણસો કુદી પડયા ને મારા શેઠને ઘાયલ કર્યા હતા ને મહમદ શફીએ પોલીસને ખબર આપવા કહ્યુ પણ મને પોલીસ મળી શકી નહી એ રાતી મેકસ્વેલ કારને હાકનાર પણ બહાદુરશાહ હતો હુ પોલીસની તપાસ કરી આવ્યો તે વખતે આરોપીને દોડાવ્યા બાવેલા હતો અને શેઠને ઇસ્પીતાલમા મોકલી દીધા હતા અને આ વાત પછી બીજે કે ત્રીજે દીવસે મહમદશફીને પકડવામા આવ્યો

ઇન્સ્પેકટર લાયન્સની જુબાની

લાયન્સે જુબાની આપતા જણવ્યુ કે તા ૧૨ મી એ રાતના કલકત્તા મેલ મારફતે ઇદોર ગયેલા સપના વીરો તથા રાતે મેકસ્વેલ ગાડી ઇદોર મોકલવામા આવી તે વીગે મે બાતમ મેળવી હતી તેમજ તા ૫ મી ફેબ્રુઆરી હુ ઇદોર ગયો હતો ને નબર ૧ થી ૮ સુધીના કેદીઓને આણ્યા હતા આ વખતે

રા વગ્યાથી કોર્ટ લચ માટે ઉઠી હતી ને ૩ાા વાગે કોર્ટ મળત ઓટોમોબઇલ કપનીના સેલ્સ મેન નવરોજજી હીનવાળાએ મી કેપર્ન તપાસમા જણાવ્યુ કે ૯ મા આરોપી ફ્રુણસેએ તા ૨૩ મીએ મોટ. માટે મને ઓર્ડર આપ્યો હતો બીજો આરોપી ફ્રુણસે પણ તે વખતે સાથેજ હતો તેમજ મોટર કેટલાક માઇલની ઝડપે દોડે છે તેની ટ્રાયલ કરવા માટે ચર્ચગેટ અને બેન્ડસ્ટેન્ડના વચ્ચે દોડાવવામા આવી હતી અને આરોપીઓને તે ગતી મેક્સ્વેલકાર પસદ પડવાથી રોકડ રૂ ૫૧૧૧-૯૩-૦ આપી ખરીદી હતી ત્યારબાદ મિ બાવલાના સેક્રેટરી મેથ્યુસની જુબાની લેવામા આવી હતી અને પોતે ચોપાટીપરથી બાવલાની મોટરમા બેસી હેગીંગ ગાર્ડન આગળ ગયા ને ત્યા પાછળથી બીજી મોટરકાર આવી અથડાઇને બાવલાનુ ખૂન થયુ તે વાત કહી જણાવી હતી વળી જણાવ્યુ હતુ કે પોતે શરી મહમદને ઓળખતા હતા મારીની શરતે તાજ તરફથી જુબાની આપતા દસમા આરોપી મહમદ શરીએ જણાવ્યુ હતુ કે હુ બાવલાનો મોટર ડ્રાયવર હતો ને બહાદુરશાહને હુ છેલ્લા સાડાત્રણ માસથી ઓળખૂ છુ અને મે તે આરોપીને રાતીકાર હાકતો જોયો હતો ને તેણે બાવલાને ત્યા ડ્રાયવર તરીકે રહેવા પણ મને કહ્યુ હતુ પણ જગ્યા ન હોવાથી મે તેને ના પાડી હતી

પોલીસ આગળનો ખુલાસો

મી —કેમ તમોએ પોલીસ આગળ ખુલાસો કર્યો ત્યારે જણાવ્યુ હતુ કે તમારા શેઠની એક સ્ત્રી રાખેલી છે તે તમે બહાદુરને વાત જણાવી હતી જ જી ના

સ—તમે પોલીસને એમ જણાવ્યુ હતુ કે બહાદુરશાહે તમને એમ કહ્યુ હતુ કે જે સ્ત્રી તારા શેઠ સાથે હતી તે નાસી આવી હતી

જ—ના

સ—તમે પોલીસને એમ જણાવ્યુ હતુ કે બહાદુરે તમને મુમતાજના કામમા નસાડી જવાને મદદ કરવા જણાવ્યુ હતુ ?

જ—ના

આ વખતે મી વેલનકરે ઉઠાવેલા કેટલાક વાધા પરથી મેજીસ્ટ્રેટે આરોપીને જણાવ્યુ કે તને બધી બીના સ્પષ્ટ બીના જણાવી દેવા માટેજ માફી બક્ષવામા આવે છે અને તેથી તારે બધો કરાર કરી દેવો જોઇએ

મને ફરજ પાડી.

મેજીસ્ટ્રેટના સવાલના જવાબમા સાક્ષીએ જણાવ્યુ હતુ કે બહાદુરશાહ આગળ હુ બીજુ બોલ્યો નથી, મે પોલીસ આગળ આપેલી હકીકત મને કહેવાની ફરજ પાડવામા આવી ત્યાર બાદ મેજીસ્ટ્રેટ મા કેપને સાક્ષીના સામા પક્ષના સાક્ષી તરીકે ઉલટ તપાસ કરવાની રજા આપી હતી આ વખતે ૫-૩૦ વાગ્યાથી કોર્ટ બધ થઇ હતી અને મુકદમો તા ૧ લી પર મુલતવી રહ્યો હતો

ડૉ. હડસનની જુબાની.

તા ૧ લી. ડૉકટર હડસનની જુબાની લેતા જણાવ્યુ હતુ કે તા ૧૨–જાન્યુઆરીએ રાતના મી, બાવલાને દવાખાનામા લાવવામા

આવ્યા હતા તેમને પીસ્તોલની ગોળીઓ ઘણી ઇજાથી કાઢી અને તે ઘણી ભયંકર સ્થીતીમાં હતા મુમતાજ બેગમ સરીઅહમદ તથા મેથ્યુસને સાધારણ ઇજા થવાથી તેમને હોસ્પીટલમાંથી રજા આપી હતી ને જણાવ્યું કે બાવલાને ચપ્પુથી ઘા કરવામાં આવ્યા હતા ડોકટરની જુબાની પુરી થતાં વીલીયમ રોબર્ટ હેમન નામના યુરોપીઅન સક્ષીએ જણાવ્યું હું આર્મીનેવી સ્ટોર્સ કંપનીનો બંદુક અને હથીઆર ખાતાના વીભાગનો મેનેજર છું અને બાવલાના ખુનમાં એફ–એન નામની પીસ્તોલનો ઉપયોગ થયો હતો તે આ પીસ્તોલ ઉપરથી જાણી શકાય છે

સારજંટ વોટ કીન્સનો પુરાવો.

સારજન્ટ વોટ કીન્સે મી કેપની તપાસમાં જણાવ્યું હતું કે તા ૧૨ મી એ કેપના કોરનાર આગળ પોતે ડયુટી પર હતો બાજરે ૭–૩૦ ચોકસ ખબર મળતાં હું મનમાંહીજ તરફ ગયો ત્યારે મી બાવના જમીન પર પડેલો અને મુમતાજ તેની પાસે બેઠી હતી સખ્ત જખમો થએલા સખ્શને માલનાની કારમાં બેસાડયા અને પહેલા આરોપીને પણ બેસાડવામાં આવ્યો હતો પહેલા આરોપીની તપાસમાં રૂ ૨૦૦૦ નો નોટો રૂ ૧૦૦ ના કડલામાં મળી આવી ત્યાર બાદ દવાખાનામાં ઓપરેશન કરવામાં આવ્યું હતું આવી રીતે ઘણાક બીજા પણ પુરાવા લઈ તેમજ જુરીના સભ્યોના અભિપ્રાયો લઈ નામદાર જડજ સાહેબે નીચે મુજબનો ફેસલો આપ્યો હતો

નવ ગુજરાત ઉપરથી.

બાવલા કેસનો ચુકાદો

ત્રણ જણને ફાંસીની સજા.

ચાર જણને જન્મભર દેશનિકાલ.

બે નિર્દોષ

જ્યુરીએ તહોમતદાર શફી મહમદ પુષ્પશીલ બલવંરાવ પો ે બહાદુરશાહ મહમદશાહ, શામરાવ રેવાજી ડી અને ગંગારામ આણંદરાવ ફણસેને સર્વાનુમતે ગુન્હેગ ઠરાવ્યા હતા અને અકબરશાહ મહમદશાહ અને અબ્દુલ-લતીફ મોયુદીનને ૮ વિરૂદ્ધ ૧ અને ૭ વિરૂદ્ધ ૨ મતે અનુક્રમે ગુન્હેગાર ઠરાવ્યા હતા તહોમતદારો મુમતાજ મહમદ સૈયદ મહમદ અને કરામતખાનને સર્વાનુમતે નિર્દોષ જાહેર કર્યા હતા શફી અહમદ, પોડે અને ડીઘે એ ત્રણને ફાસીની સજા, બહાદુરશાહ મહમદશાહ, અકબરશાહ મહોમદશાહ, અબ્દુલ લત્તફી મોયુદીન અને આણંદરાવ ફણસે એ ચારને જન્મભર દેશનિકાલની સજા ફરમાવવામા આવી હતી અને બાકીના બે મુમતાઝ મહોમદ, સૈયદ મહોમદ અને કરામત-ખાન નિઝામખાનને છોડી મૂકયા હતા

સુરત બરાનપુરી ભાગળ ઉપર આવેલા શ્રી અનાવિલ' પ્રિન્ટીંગ પ્રેસમા રઘુભાઈ લલ્લુભાઈ દેસાઇએ છાપ્યુ અને 'નવચેતન' પુસ્તકાલય માટે જેકીશનદાસ ત્રીભુવનદાસ પટેલે પ્રગટ કર્યું